**૦૮ માં અધિક સિવિલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મુ.વડોદરા.**
રૂમ નંબર : એ–૧૭, નવી કોર્ટ બિલ્ડિંગ, દિવાળીપુરા, વડોદરા.

ફોજદારી કેસ નંબર: ૩૮૫૩૭/૨૦૨૫

**GJVD020411592025**

આંક–:

| | | |
|---|---|---|
| ફરીયાદી | : | શ્રી સરકાર |
| | **વિરુધ્ધ** | |
| આરોપી | : | આર્યન મનોજકુમાર પુર્સ્વાની |

ગુન્હો : બી.એન.એસ. કલમ–૨૮૫

**:: ચુકાદો ::**

(૧) સદર કામે ફરીયાદપક્ષ તરફે આરોપી વિરૂધ્ધ **બી.એન.એસ. કલમ–૨૮૫** મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) સદર કામે ચાર્જશીટ રજુ થતાં **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૧૦(૧)(બી)** પ્રમાણે આરોપી સામે ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૨૭** અન્વયે સમન્સ ઈસ્યુ કરવામાં આવતાં, આરોપી આ અદાલત સમક્ષ હાજર થયેલ છે. **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦** મુજબ આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલો પૂરી પાડવામાં આવેલ છે અને આરોપીએ હાજર થઈ કબુલાત પુરસીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવેલ છે. ત્યારબાદ **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૪** અન્વયે પ્લી નોંધતા તેમાં પણ આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ ગરીબ ઈસમ છે, છુટક મુજરી કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે. સદરી ગુન્હો પ્રથમ વખતનો ગુન્હો છે અને ભવિષ્યમાં આવા પ્રકારના કોઈ ગુનાહિત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે.

(૩) ઉપરોકત હકીકત, કેસના સંજોગો તેમજ હાલના આરોપીનું નિવેદન ધ્યાને લેતાં, આ કામના આરોપીની કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે. આરોપીને કોઈએ લાલચ કે પ્રલોભન આપેલ નથી, ગુનાની સજાની જોગવાઈ બાબતે તેને માહીતગાર કરવામાં આવેલ છે. તેમ છતાં પોતે સ્વૈચ્છિક કબુલાત કરતા હોઈ તેની કબુલાત રેકર્ડ કરવામાં આવેલ છે. આમ, આરોપીની રજુઆત તેમજ તેની સામાજીક અને આર્થિક સ્થિતિ અને કેસના જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે. તે તમામ હકીકતને ધ્યાને લેતાં આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કિસ્સો જણાય છે અને આ બાબતે **જી.એલ.આર. ૨૦૦૫ નામદાર માનવંત ગુજરાત વડી અદાલતનો નટવર હરચંદ વિ.સ્ટેટ** નો ચુકાદો ધ્યાને લેતાં, આરોપીને આવા કિસ્સામાં ન્યુનતમ સજા કરતાં પણ ઓછી સજા કરી શકાય તેમ હોઈ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::– હુકમ –::**

૧. આ કામના આરોપી **આર્યન મનોજકુમાર પુર્સ્વાની, ઉ.વ.૨૦ , રહે. મ.નં.ટી–૨૯ રૂમ–૪૪૬ સંત કનવર કોલોની વારસીયા વડોદરા**નાઓને **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૬૪** અન્વયે **બી.એન.એસ. કલમ–૨૮૫** મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી રૂા. ૫૦૦ /– (અંકે રૂપિયા પાંચસો પુરા) દંડની સજાનો હુકમ કરવામાં આવે છે. જો દંડની રકમ ન ભરે તો દિન–૦૫(પાંચ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીના અગાઉના રજુ કરેલ જામીનખત તથા જાત મુચરકા **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧** હેઠળ છ માસ પૂરતું ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખ.: ૦૮ મી, માહે.માર્ચ સને.: ૨૦૨૫ ના રોજ હુકમ રાષ્ટ્રીય લોક અદાલતમાં જાહેર કર્યો.

**સ્થળ : વડોદરા**
**તારીખ : ૦૮/૦૩/૨૦૨૫**

**દેવદત્ત વી.વ્યાસ**
૦૮ માં અધિક સિવિજ જજ અને
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વડોદરા.